પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૨૧ | ૧૧ જુલાઈ, ૨૦૨૨, સોમવાર; અષાઢ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦






અમરનાથ યાત્રા અટકાવાઈ - ભારતીય સંસ્કૃતિમાં જેનો અનોખો મહિમા છે એવી અમરનાથ યાત્રા નબળા હવામાનને કારણે વધુ એક વખત જમ્મુ ખાતે અટકાવાઈ છે... હજ્જારો શ્રદ્ધાળુઓને ઉતારો આપવામાં વહીવટી તંત્ર વ્યસ્ત બન્યું છે પરંતુ ભારે વરસાદ અને તોફાની પવનનો સામનો શ્રદ્ધાળુઓ કરી રહ્યા છે... ઘણાબધા કેમ્પ માર્ગ પર હોવા છતાં શ્રદ્ધાળુઓના વધેલા પ્રવાહને કારણે ચિંતાનો માહોલ સર્જાયો છે... આમ છતાં અમરનાથ પરત્વની અતૂટ શ્રદ્ધા આફતમાંથી ઉગારી લેશે...

# લંકાના સંકટમાં ભારતનો સાથ

**ભારત શ્રીલંકાને ૩.૮ બિલિયન ડોલરથી વધુની મદદ કરશે : શ્રીલંકાના આર્થિક સંકટમાં ભારત આપી રહ્યું છે સાથ : ભારતના વિદેશ મંત્રાલયે કહ્યું કે પડોશી દેશ શ્રીલંકાની ખરાબ પરિસ્થિતિમાં અમે તેમની સાથે ઉભા છીએ**

નવી દિલ્હી, તા.૧૦

જીર્ો ન્રૃહાટ્ઠ ર્ઙ્મજૈજ: શ્રીલંકાની વણસતી સ્થિતિ પર તેના પડોશી દેશ ભારતે તેનું સમર્થન કર્યું છે. ભારતીય વિદેશ મંત્રાલયે નિવેદન જાહેર કર્યું છે, અમે તે પડકારોથી અવગત છે જેનો શ્રીલંકા અને તેના લોકો સામનો કરી રહ્યા છે. વિદેશ મંત્રાલયે કહ્યું કેન અમે આ મુશ્કેલ સમયમાં શ્રીલંકાના લોકોની સાથે ઉભા છીએ. ભારતે આ વર્ષે શ્રીલંકામાં ગંભીર આર્થિક સ્થિતિને સુધારવા માટે ૩.૮ બિલિયન અમેરિકન ડોલરથી વધુનું અભૂતપૂર્વ સમર્થન આપ્યું છે. ભારતના વિદેશ મંત્રાલયે કહ્યું કે પડોશી દેશ શ્રીલંકાની ખરાબ સ્થિતિમાં અમે તેની સાથે ઉભા છીએ. ભારતીય વિદેશ મંત્રાલયે કહ્યું કે ભારત આવી મુસીબતની સ્થિતિમાં શ્રીલંકના લોકો સાથે ઉભા છીએ. તે લોકતાંત્રિક સાધનો અને



મૂલ્યો, સ્થાપિત સંસ્થાનો અને સંવૈધાનિક માળખાના માધ્યમથી સમૃદ્ધિ અને પ્રગતિ માટે પોતાની આકાંક્ષાઓને સાકાર કરવા માંગીએ છીએ. ભારતે આ વર્ષે શ્રીલંકામાં ગંભીર આર્થિક સ્થિતિને સુધારવા માટે ૩.૮ બિલિયન અમેરિકી ડોલરથી વધુનું સમર્થન આપ્યું છે. અમે શ્રીલંકામાં હાલના ઘટનાક્રમો પર ઝીણવટપૂર્વક નજર રાખી રહ્યા છીએ.

શ્રીલંકાની સ્થિતિ પર મીડિયા સાથે વાતચીત કરતાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ જણાવ્યું કે ’ભારત શ્રીલંકાના નજીકના પડોશી છે અને બંને દેશને ગાઢ સભ્યતાના બંધનમાં બંધાયેલા છે. બાગચીએ જણાવ્યું કે અમે તે ઘણા પડકારોથી અવગત છે જે શ્રીલંકા અને તેઅના લોકોનો સામનો કરી રહ્યા છે, અને અમે શ્રીલંકાઈ લોકો સાથે ઉભા છે કારણ કે તેમણે આ કઠિન સમયગાળાને પાર કરવાનો પ્રયત્ન કર્યો છે. શ્રીલંકાએ આપણા પડોશની પહેલી નીતિમાં તે કેન્દ્રીય સ્થાનના અનુસરણમાં, ભારતે આ વર્ષે શ્રીલંકામાં ગંભીર આર્થિક સ્થિતિને ઓછી કરવા મઍટે ૩.૮ બિલિયન અમેરિકી ડોલરથી વધુનું એક અભૂતપૂર્વ સમર્થન આપ્યું છે.

આ પહેલાં ભારતે શ્રીલંકા ડીઝલ-પેટ્રોલની મોટી મદા કરી ચૂક્યા છે. શ્રીલંકામાં ઓઈલની સમસ્યાના લીધે તેલ વેચવા પર પ્રતિબંધ લગાવી દીધો હતો. ફક્ત જરૂરી કામો માટે ઓઈલનો ઉપયોગ કરવાની પરવાનગી અપઈ હતી. ઓઈલ વેચવા પર પાબંધી લગાવી હતી. તેના કારણે શ્રીલંકાના આમ લોકોને પેટ્રોલિયમ પદાર્થોની ભારે અછતનો સામનો કરવો પડી રહ્યો છે. એવામાં ભારતે ઘણીવાર મોટી માત્રામાં પેટ્રોલ ડીઝલ મોકલીને શ્રીલંકાની મદદથી કરી હતી.

# અમરનાથ દુર્ઘટનામાં મૃતકોના પરિવારજનોને ભારે મુશ્કેલી

**અમરનાથ દુર્ઘટનામાં ગુમ ૪૦ લોકોની શોધ ચાલી રહી છે**

જમ્મુ, તા.૧૦

અમરનાથ ગુફા પાસે વાદળ ફાટવાથી સર્જાયેલી દૂર્ઘટનામાં અત્યાર સુધી ૧૬ લોકોના મોત થયા છે. આ મૃતકોના પરિવારજનોને તેમના મૃતદેહ મેળવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. કેમ કે, દુર્ઘટનામાં કોઈના મૃતદેહ પર બીજા કોઈનું લખલું મળી રહ્યું છે.



દિલ્હીના આંબેડકર નગરમાં રહેતા ૫૭ વર્ષના પ્રકાશી દેવી અને ૬૨ વર્ષના વીરમતિ અમરનાથ દર્શન કરવા ગયા હતા. પરંતુ ત્યાં વાદળ ફાટવાના કારણે તેઓ પાણીના પ્રવાહમાં તણાયા હતા. પરંતુ હવે બંને મહિલાઓના પરિવારને મૃતદેહ મેળવવામાં મુશ્કેલી પડી રહી છે. દિલ્હીના એમ્સ મોર્ચરીમાં અમરનાથ દુર્ઘટનાના મૃતકોના મૃતદેહને લાવવામાં આવી રહ્યા છે. જ્યારે વીરમતિ અને પ્રકાશી દેવીનો પરિવાર મૃતદેહ લેવા પહોંચ્યો તો ત્યાં તમેણે જોયું કે વીરમતિના મૃતદેહ પર બીજા કોઈનું નામ લખ્યું છું, ત્યારે અન્ય કોઈના મૃતદેહ પર પ્રકાશી દેવીનું નામ લખ્યું છે.

હવે આ પરિવારને વીરમતિનો મૃતદેહ તો મળી ગયો પરંતુ પ્રદાશ દેવીનો મૃતદેહ હજુ સુધી મળ્યો નથી. હવે જમ્મુ કાશ્મીર તંત્રએ તેમને જણાવ્યું કે અન્ય કેટલાક મૃતદેહ દિલ્હી આવશે ત્યારે તમે તેમની ઓળખ કરી લેજો. આવો જ મામલો રાજસ્થાનના શ્રીગંગાનગરથી આવ્યો છે. અમરનાથમાં વાદળ ફાટવાથી શ્રીગંગાનગરના ત્રણ લોકોના મોત થયા છે.

# ભારતીય શસ્ત્રોનું અમેરિકા સૌથી મોટું ગ્રાહક ગણાય છે

**શસ્ત્રોની ખરીદીનો રેકોર્ડ તૂટ્યો : ગયા વર્ષમાં ભારતની ડિફેન્સ નિકાસમાં ૫.૪ ટકાનો વધારો શસ્ત્રોની નિકાસમાં પ્રાઈવેટ સેક્ટરનો હિસ્સો ૭૦ ટકા છે**

નવી દિલ્હી, તા.૧૦

ભારત વિશ્વમાં સૈન્ય સરંજામનો સૌથી મોટો આયાતકાર દેશ તો છે જ, તેની સાથે સાથે ભારતે હવે શસ્ત્રોની મોટા પાયે નિકાસ પણ શરૂ કરી છે. ગયા વર્ષમાં ભારતની નિકાસ ૧૩,૦૦૦ કરોડના રેકોર્ડ સ્તરે પહોંચી હતી. નવાઈની વાત એ છે કે અમેરિકા જેવો મિલિટરી સુપરપાવર દેશ ભારતના સૌથી વધુ શસ્ત્રો ખરીદે છે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે ગયા વર્ષમાં ભારતની ડિફેન્સ નિકાસમાં ૫.૪ ટકાનો વધારો થયો હતો અને કુલ ૧૩,૦૦૦ કરોડની નિકાસ કરી હતી. ભારતીય ડિફેન્સ એક્સપોર્ટમાં સૌથી મોટું ગ્રાહક અમેરિકા છે. ત્યાર બાદ ફિલિપાઈન્સ અને મિડલ ઈસ્ટ, આફ્રિકા અને સાઉથ-ઈસ્ટ એશિયાના દેશો પણ ભારતીય શસ્ત્રોના ખરીદદાર છે.

ભારતે અત્યાર સુધીમાં ડિફેન્સ એક્સપોર્ટનો રેકોર્ડ તોડ્યો છે. પાંચ વર્ષમાં ડિફેન્સ નિકાસ લગભગ આઠ ગણી વધી છે. ૨૦૧૫-૧૬માં ભારતની નિકાસ ૨૦૫૯ કરોડ રૂપિયાની હતી જ્યારે ૨૦૧૯-૨૦માં ૯૧૧૫ કરોડ અને ૨૦૨૦-૨૧માં ૮૪૩૪ કરોડના શસ્ત્રોની ભારતે નિકાસ કરી હતી.

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે ગયા વર્ષમાં કોવિડના કારણે ડિફેન્સ એક્સપોર્ટને અસર થઈ હતી. ત્યાર પછી તેમાં જોરદારર વધારો થયો છે. ભારત જે શસ્ત્રોની નિકાસ કરે છે તેમાં પ્રાઈવેટ સેક્ટરનો હિસ્સો લગભગ ૭૦ ટકા છે જ્યારે ૩૦ ટકા હિસ્સો પબ્લિક સેક્ટરની કંપનીઓનો છે. અત્યારે વૈશ્વિક સ્તરે પણ પ્રાઈવેટ સેક્ટરની કંપનીઓ ડિફેન્સ માર્કેટમાં લગભગ ૭૦ ટકા હિસ્સો ધરાવે છે.

ભારત પાસેથી વિદેશની સેનાઓ પર્સનલ પ્રોટેક્ટિવ આઈટમ્સ, ઓફશોર પેટ્રોલ વેસેલ્સ, એડવાન્સ્ડ લાઈટ હેલિકોપ્ટર્સ, એસયુ એવિયોનિક્સ, કોસ્ટલ સર્વેલન્સ માટેના શસ્ત્રોની ખરીદે છે. આ ઉપરાંત સ્વદેશી લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટનું ઉત્પાદન પણ કરે છે જેને તેજસ નામ અપાયું છે. તેજસની ખરીદીમાં સાઉથ ઈસ્ટ એશિયાના ઘણા દેશોને રસ પડ્યો છે.

## દેશમાં કોરોનાના ૧૮,૨૫૭ નવા કેસ

નવી દિલ્હી, તા.૧૦

ભારતમાં કોરોના વાયરસ રફતાર પકડી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં કોરોનાના કુલ ૧૮,૨૫૭ નવા કેસ સામે આવ્યા છે. આ દરમિયાન ૪૨ લોકોના મોત આ ખતરનાક વાયરસના કારણે થયા છે. અત્યાર સુધી દેશમાં કોરોનાના કુલ કેસની સંખ્યા વધીને ૪,૩૬,૨૨,૬૫૧ પર પહોંચી ગઈ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગના જણાવ્યા અનુસાર, દેશમાં કોરોના વાયરસના એક્ટિવ કેસ વધીને ૧,૨૮,૬૯૦ થયા છે. દેશમાં ગઈકાલની સરખામણીમાં કોરોના કેસમાં સામાન્ય વધારો નોંધાયો છે. શનિવારના દેશમાં ૧૮,૮૪૦ નવા કેસ સામે આવ્યા હતા. રાજધાની દિલ્હીમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૫૪૪ નવા કેસ સામે આવ્યા છે. સંક્રમણથી વધુ બે દર્દીના મોત થયા છે. ત્યારે મહારાષ્ટ્રમાં એક દિવસમાં કોરોનાના ૨૭૬૦ નવા કેસ સામે આવ્યા છે અને કોરોનાથી ૫ દર્દીઓના મોત થયા છે.

# માતા કાલીના આશીર્વાદ ભારત સાથે : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી

**માં કાલીના અપમાન વચ્ચે નિવેદન : મોદીએ કહ્યું કે છેલ્લી ક્ષણ સુધી સ્વામી આત્મસ્થાનંદનો મારી પર આશીર્વાદ છે અને હું તે અનુભવ કરી રહ્યો છું**

નવી દિલ્હી, તા.૧૦

માતા કાલી વિવાદની વચ્ચે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે રામકૃષ્ણ પરમહંસ મિશનની આ જાગૃત પરંપરા છે. આ રામકૃષ્ણ પરમહંસ જેવી વિભૂતિની સાધનાથી પ્રકટ થઈ છે. સ્વામી રામકૃષ્ણ પરમહંસ એક એવા સંત હતા, જેમણે માતા કાલીના સ્પષ્ટ સાક્ષાત્કાર કર્યા. તેમણે માતા કાલીના ચરણોમાં પોતાનું સર્વસ્વ સમર્પિત કર્યું. તેઓ કહેતા હતા કે તે સંપૂર્ણ જગત, ચર-અચર, બધુ જ માતાની ચેતનાથી વ્યાપ્ત છે. આ ચેતના બંગાળની કાલી પૂજામાં જોવા મળે છે. આ ચેતના બંગાળ અને આખા ભારની આસ્થામાં જોવા મળે છે.

પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, આ ચેતના અને શક્તિની કિરણને સ્વામી વિવેકાનંદના રૂપમાં સ્વામી રામકૃષ્ણ પરમહંસ પ્રકાશિત કરી હતી. સ્વામી વિવેકાનંદને જે માતા કાલીની અનુભુતિ થઈ, તેમના જે આધ્યાત્મિક દર્શન થયા, તેમને તેમની અંદર અસાધારણ ઊર્જા અને શક્તિનો સંચાર કર્યો. સ્વામી વિવેકાનંદ જેવા બળવાન વ્યક્તિત્વ, આટલું વિશાળ પાત્ર, પરંતુ જગતમાતા કાલીની

● અનુસંધાન પાન-૭ પર




## શ્રીલંકાના આર્મી ચીફ શૈવેન્દ્ર સિલ્વાની જનતાને શાંતિની અપીલ

કોલંબો, તા.૧૦

શ્રીલંકામાં ચાલી રહેલા આર્થિક સંકટ વચ્ચે શ્રીલંકાના સેના પ્રમુખ જનરલ શૈવેન્દ્ર સિલ્વાએ દેશમાં શાંતિ બનાવી રાખવા લોકોનું સમર્થન માંગ્યું છે. સેના પ્રમુખે કહ્યું કે, હાલના રાજકીય સંકટનું શાંતિપૂર્ણ રીતથી પણ સમાધાન લાવી શકાય છે. આ નિવેદન એવા સમયે આવ્યું છે, જ્યારે શ્રીલંકાના રાષ્ટ્રપતિ ગોટબાયા રાજપક્ષેએ થોડા સમય પહેલા ૧૩ જુલાઈના પદ છોડવાની સંમત થયા.

શ્રીલંકામાં આર્થિક સંકટને લઈને રાષ્ટ્રપતિ ગોટબાયા રાજપક્ષેના રાજીનામાની માંગને લઈને મોટી સંખ્યામાં પ્રદર્શનકારી શનિવારના મધ્ય કોલંબોના ભારે રક્ષિત ફોર્ટ વિસ્તારમાં રાષ્ટ્રપતિના સત્તાવાર આવાસમાં ઘુસી ગયા હતા.

# સાઉથ આફ્રિકાના જોહાન્સબર્ગ પાસે ફાયરિંગ : ૧૪ના મોત

**જે બારમાં હુમલો કરવામાં આવ્યો તે વેટોના ઓરલેન્ડો જિલ્લામાં છે, તે જોહાન્સબર્ગની સૌથી મોટી વસાહત છે**

જોહાન્સબર્ગ, તા.૧૦

સાઉથ આફ્રિકાના સોવેટો ટાઉનશિપમાં જોહાન્સબર્ગ પાસે




ફરી એકવાર ગોળીબાર થયો છે. આ ફાયરિંગમાં ૧૪ લોકોના મોતના સમાચાર સામે આવ્યા છે. પોલીસ લેફ્ટનેન્ટ ઈલિયાસ માવેલાએ જણાવ્યું કે, ગોળીબાર મોડી રાતે લગભગ ૧૨.૩૦ વાગ્યાની આસપાસ થયો હતો.

પોલીસ લેફ્ટનેન્ટે જણાવ્યું કે જ્યારે અમે સ્થળ પર પહોંચ્યા ત્યારે ૧૨ લોકોના મોત થયા હતા. માવેલાએ કહ્યું કે ૧૧ અન્ય ઘાયલોને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા, પરંતુ બાદમાં વધુ બે લોકોના મોત થયા. જે બાદ મૃતકોની સંખ્યા વધીને ૧૪ થઈ ગઈ છે.

પ્રાપ્ત માહિત અનુસાર, જે બારમાં હુમલો કરવામાં આવ્યો તે વેટોના ઓરલેન્ડો જિલ્લામાં છે. તે જોહાન્સબર્ગની સૌથી મોટી વસાહત છે. હુમલાખોર અડધી રાતે બારમાં ઘુસ્યો અને અંધાધૂંધ ગોળીબાર શરૂ કરી દીધો. કહેવામાં આવી રહ્યું છે કે, ગોળીબાર કરી હુમલાખોર સ્થળેથી ભાગી ગયો હતો. આ હુમલામાં ઘાયલ ૯ લોકો સારવાર હેઠળ છે. પોલીસ લેફ્ટનેન્ટ ઈલિયાસ માવેલાએ કહ્યું શરૂઆતી તપાસમાં જાણવા મળ્યું છે કે લોકો બારમાં મસ્તી કરી રહ્યા હતા. આ દરમિયાન ત્યાં હુમલાખોર પહોંચ્યો અને ગોળીબાર કરવા લાગ્યો.